Thursday
06.11.2025
✳Volume :10 ✳ Issue No.118
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-


# ગુરુ નાનક જ્યંતિ નિમિત્તે પોરમાં ગુરૂ ગ્રંથ સાહિબના દર્શન પૂજન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## ગુરુ ગ્રંથ સાહિબની પૂજા-અર્ચના કરીને મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને વિકાસ માટે અરદાસ લગાવી






કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંત શ્રી ગુરુ નાનકજીની ૫૫૬મી જયંતિના પાવન પર્વે ગાંધીનગર જિલ્લાના પોર સ્થિત ગુરુદ્વારા શીખ પરિવારો આયોજિત સત્સંગ કીર્તન અને પૂજામાં ભાવ પૂર્વક સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગુરૂદ્વારા ખાતે ગુરૂ ગ્રંથ સાહિબના દર્શન કર્યા હતા તેમજ પૂજા-અર્ચના કરીને રાજ્યના સૌ નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને વિકાસ માટે અરદાસ લગાવી હતી. આ પ્રસંગે ગુરૂદ્વારાના મુખ્ય સેવક ગુરૂપ્રીતસિંહ ધિલ્લોન તથા પરમજીતકૌર છાબડાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું ખેસ તથા સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવોએ ગુરુદ્વારા ખાતે લંગરમાં પ્રસાદ વિતરણની સેવા પણ કરી હતી. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ તથા શ્રી અલ્પેશજી ઠાકોર પણ ગુરૂદ્વારા ખાતે દર્શનાર્થે ઉપસ્થિત રહ્યા હતા.

# ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજ્યંતિ, જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

## રાજ્ય સરકાર દ્વારા તા. ૭થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન

કમલમ્,

ભગવાનબિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવીરહી છે.

જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં જનજાતિય ગૌરવ રથ યાત્રા કરશે જેમાં રૂટ નં-૧ ઉમરગામથીએકતાનગર સુધી ૬૬૫ કિમી અને રૂટ નં-૨ અંબાજીથી એકતાનગર સુધી ૭૧૩ કિમી એમ કુલ ૧,૩૭૮ કિ.મી.માં આદિજાતિ વિસ્તારને આવરી લઈ 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રનિર્માણમાં જનજાતિયસમાજના ગૌરવપૂર્ણ યોગદાનનેજન-જન સુધીપહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં બિરસા મુંડાના જન્મદિવસ તા. ૧૫મી નવેમ્બરને 'જન જનજાતીય ગૌરવદિવસ' તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અન્વયે ચાલુ વર્ષે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ રાજ્યમાં 'જનજાતીય ગૌરવવર્ષ' તરીકેખૂબ ઉત્સાહભેર ઉજવણી થઈરહી છે.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડાના માર્ગદર્શનમાંગુજરાતસરકાર દ્વારા 'જનજાતીય ગૌરવરથયાત્રા'નું રાજ્યના ૧૪ જિલ્લાઓના ૮૮જેટલા ગામોમાં વિવિધ રૂટ વાઈઝ આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રાના રૂટ ઉપર તેમજ ખાસ કરીને રાત્રિ રોકાણ દરમિયાન ભગવાન બિરસા મુંડાના જીવન સાથે જોડાયેલી ગાથાઓ તેમજ આદિજાતિ વિકાસ યોજનાઓની માહિતીને નાટક, સભાઓ, સંવાદ, વકતૃત્વસ્પર્ધાઓ જેવા વિવિધ માધ્યમો દ્વારા નાગરિકો સમક્ષ રજૂ કરવામાં આવશે. 'જનજાતીય ગૌરવ રથયાત્રા'ની વિગતો

### રૂટ નં. ૧

**દિવસ-૧ (તા. ૦૭/૧૧/૨૦૨૫)**

રથયાત્રા વલસાડ જિલ્લાના ઉમરગામથી પ્રસ્થાન કરી સંજાણ, ભીલાડ, વાપી, પારડી, નાનાપોંઢા અને ધરમપૂર આવીને રાત્રિ રોકાણ કરશે. આરથયાત્રામાં આદિજાતિ વિકાસમંત્રી શ્રીનરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વેશ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી રમણભાઈ પાટકર સહભાગી થશે.

**દિવસ-૨ (તા. ૦૮/૧૧/૨૦૨૫)**

રથયાત્રાવલસાડના ધરમપુરથી પ્રસ્થાન કરી નવસારીના ખેરગામ, રૂમલા, રાનકુવા, સુરતના અનાવલ, ઉનાઈના ભીનાર અને નવસારીના વાંસદાઆવીને રાત્રિરોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી મોહનભાઈ ઢોડિયા અને શ્રી અરવિંદભાઈ પટેલસહભાગી થશે.

**દિવસ-૩ (તા. ૦૯/૧૧/૨૦૨૫)**

રથયાત્રા નવસારીના વાંસદાથી પ્રસ્થાન કરી ડાંગના વઘઈ, ઝાવડા, તાપીના ડોલવણ, જેસીંગપુરા અને વ્યારા આવીને રાત્રિ રોકાણ કરશે. આરથયાત્રામાં આદિજાતિવિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશઅધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી મોહનભાઈ ઢોડિયા, શ્રી મોહનભાઈ કોંકણી અને શ્રીવિજયભાઈ પટેલ સહભાગી થશે.

**દિવસ-૪ (તા. ૧૦/૧૧/૨૦૨૫)**

રથયાત્રા તાપીના વ્યારાથી પ્રસ્થાન કરી સોનગઢ, ભંડભુજા, ઉચ્છલ, નારણપુર, રૂમકીતળાવ, વેલદાટાંકી અને નિઝર આવીને રાત્રિ રોકાણ કરશે. આરથયાત્રામાં આદિજાતિ વિકાસમંત્રી શ્રીનરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિ, અધ્યક્ષ તાપી શ્રી સુરજભાઈ વસાવા, જિ.પં. પ્રમુખ શ્રી જાલમસિંહ વસાવા સહભાગી થશે.

**દિવસ-૫ (તા. ૧૧/૧૧/૨૦૨૫)**

રથયાત્રા તાપીના કુંકરમુંડાથી પ્રસ્થાન કરી નર્મદાના જાવલી, સાગબારા, ચીકદા, સુરતના ઉમરપાડા, માલધાફાટા, સઠવાવ અને માંડવી આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષશ્રી અર્જુનભાઈ ચૌધરી, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, ધારાસભ્ય સર્વે શ્રી દર્શનાબેન દેશમુખ અને શ્રી કુંવરજીભાઈ હળપતિ સહભાગી થશે.

**દિવસ-૬ (તા. ૧૨/૧૧/૨૦૨૫)**

રથયાત્રાસુરતના માંડવીથીપ્રસ્થાન કરી અરેઠ, તડકેશ્વર, નાની નરોલી, માગરોળની મોસાલી, વાંકલ, ઝંખવાવ, વાડી, વાલીયાની ડેઈલી, વાલીયા, તલોદ્રા અને ઝઘડીયા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઈવસાવા, મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલ, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી કુંવરજીભાઈ હળપતિ અને રિતેશભાઈ વસાવા સહભાગી થશે.

**દિવસ-૭ (તા. ૧૩/૧૧/૨૦૨૫)**

રથયાત્રાભરૂચના નેત્રંગથીપ્રસ્થાન કરી નર્મદાના મોવી, રાજપીપળાઅને એકતાનગર-કેવડીયા આવીને પૂર્ણાહુતિ થશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઈવસાવા, મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલ, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી કુંવરજીભાઈ હળપતિ અને રિતેશભાઈ વસાવા સહભાગી થશે.

### રૂટ નં. ૨

**દિવસ-૧ (તા. ૦૭/૧૧/૨૦૨૫)**

રથયાત્રા બનાસકાંઠા જિલ્લાના અંબાજીથી પ્રસ્થાન કરી પોસીના, ખેરોજ, ખેડબ્રહ્મા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસરાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રીશ્રી રમેશભાઈકટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરીસહભાગી થશે.

**દિવસ-૨ (તા. ૦૮/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માથી પ્રસ્થાન કરી નાકા, અંદ્રોખા, વિજયનગર, પાલ, ચિઠોડા, અરવલ્લીના ભીલોડા અને શામળાજીઆવીને રાત્રિ રોકાણ કરશે. આરથયાત્રામાં આદિજાતિવિકાસરાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પૂર્વ મંત્રીડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી સહભાગી થશે.

**દિવસ-૩ (તા. ૦૯/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સાબરકાંઠાના શામળાજીથી પ્રસ્થાન કરીને અરવલ્લીના મેઘરજ, માલપુર, બાબલીયા, ડીંડવાસ, કડાણા અને સંત્રામપુર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રીશ્રી રમેશભાઈકટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રીમતી રમિલાબેન બારાઅને પ્રદેશ અધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી સહભાગી થશે.

**દિવસ-૪ (તા. ૧૦/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સંત્રામપુરાથી પ્રસ્થાન કરીને સુખસર, ઝાલોદ, દાહોદના કોબોઈ ધામ, દાહોદ, ગરબાડા, ધાનપુર, લીમખેડા આવીને રાત્રિ રોકાણ કરશે. આરથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈકટારા, પૂર્વમંત્રી શ્રીડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વે શ્રી મહેશભાઈ ભૂરિયા અને શ્રી કનૈયાલાલ કિશોરી તેમજ પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરીસહભાગી થશે.

**દિવસ-૫ (તા. ૧૧/૧૧/૨૦૨૫)**

રથયાત્રા દાહોદ જિલ્લાના લીમખેડાથી પ્રસ્થાન કરીને બાડીબાર, મોરા, મોરવાહડપ, સંત્રોળ, ભંમૈયાપૂર્વ, સિમેલ્યા, ઘોઘંબા, પાવાગઢ આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રીશ્રી રમેશભાઈકટારા, પૂર્વ મંત્રી શ્રીડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદસર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી, જશુભાઈ રાઠવા, પ્રદેશઅધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર સહભાગી થશે.

**દિવસ-૬ (તા. ૧૨/૧૧/૨૦૨૫)**

રથયાત્રા પંચમહાલ જિલ્લાના પાવાગઢથી પ્રસ્થાન કરીને નારૂકોટ, પંચમહાલના જાંબુઘોડા, બોડેલી, જેતપુર પાવી, તેજગઢ, છોટાઉદેપુર આવીને રાત્રિરોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસરાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રીરમેશભાઈ કટારા, પૂર્વ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી, જશુભાઈ રાઠવા, પ્રદેશઅધ્યક્ષ શ્રીઅર્જુનભાઈ ચૌધરી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર સહભાગી થશે.

**દિવસ-૭ (તા. ૧૩/૧૧/૨૦૨૫)**

રથયાત્રા ક્વાંટથી પ્રસ્થાન કરીને નસવાડી, એકતાનગર-કેવડીયા આવીને પૂર્ણાહુતિ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઈ કટારા, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી મનસુખભાઈ વસાવા, શ્રી જસવંતસિંહ ભાભોર, શ્રીજશુભાઈ રાઠવા, શ્રી ધવલભાઈ પટેલ, શ્રી પરભુભાઈ વસાવા, શ્રીમતી રમિલાબેન બારા, પ્રદેશઅધ્યક્ષ શ્રી અર્જુનભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, દંડક શ્રી વિજયભાઈ પટેલ, તમામ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના અધ્યક્ષશ્રી, પ્રદેશ હોદેદારશ્રીઓ, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રીઓ, અને તાલુકા પંચાયતના અધ્યક્ષશ્રીઓ સહભાગી થશે.

# નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત ૩૦ સિનિયર IPS અધિકારીઓની ટીમ ભારત-પાક સરહદનાં ગામડાઓની મુલાકાતે

## તા.૬ નવેમ્બરે કચ્છ જિલ્લાના લખપત તાલુકાના વિવિધ ગામડાઓમાં જઈ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા કરી ગ્રામજનો સાથે સંવાદ-ખાટલા સભા યોજશે



કમલમ્,

રાજ્યનાનાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષસંઘવીની આગેવાની હેઠળ ૩૦ સિનિયર IPS અધિકારીઓની ટીમ ભારત-પાકિસ્તાન સરહદ પરના અલગ-અલગ ગામડાઓનીમુલાકાત માટે જઈ રહી છે.

આ કાર્યક્રમનોમુખ્ય ઉદ્દેશ સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનોછે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આવતીકાલે તા.૬ નવેમ્બરનારોજ સવારેભુજ સર્કિટહાઉસ પહોંચશે, જ્યાંથી તેમના આ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ થશે. આ મુલાકાત દરમિયાન સીમાવર્તી ગામોના સરપંચો અને ગ્રામજનો સાથે મુલાકાત, રાત્રી ખાટલાસભા અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાંઆવ્યું છે.

આ ઉપરાંત, સમગ્ર ટીમ ખાસ કરીને ગામડાઓની મહિલાઓ અને યુવાઓ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ અને પડકારોનેનજીકથી જાણવાનો પ્રયાસ કરશે.

આ મુલાકાતનો હેતુ સીમાવર્તી ગામોની સર્વગ્રાહી સમીક્ષાકરવાનો છે. જેમાં મુખ્યત્વે આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, સ્વચ્છતા અને સુરક્ષા સહિતના વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવશે. સરહદી સુરક્ષાના વિષયો જેવા કે એન્ટીનેશનલ એક્ટિવિટીઝ અને બોર્ડર પેટ્રોલિંગ ઓપરેશન અંગે BSF અધિકારીશ્રીઓ સાથેખાસ બેઠકનું આયોજન કરાયુંછે. સાથેજ BSF જવાનો સાથે પણ સંવાદ કરવામાં આવશે, જેથી સરહદની સુરક્ષાની સ્થિતિનો તાગ મેળવી શકાય. આ મુલાકાતનુંસૌથી મહત્ત્વનુંપાસું એ છે કે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પોતે ગામના ભાતીગળ રહેઠાણ દેશી ભૂંગામાં જ રાત્રિ રોકાણ કરશે.

એટલુંજ નહીં, તેમણે તમામ સિનિયર ઉચ્ચ અધિકારીશ્રીઓને પણ સર્કિટ હાઉસ કે હોટલને બદલે ગામમાં જરાત્રે રોકાણકરવા સ્પષ્ટ નિર્દેશઆપ્યો છે.

આ નિર્ણય પાછળનો હેતુ ગામની સંસ્કૃતિ, ગ્રામજનોની રહેણી-કહેણી તેમજ તેમની સમસ્યાઓને નજીકથી અનુભવીને તેના પર અસરકારક રીતે કાર્ય કરવાનોછે.

## તંત્રી સ્થાનેથી......

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ (DoPPW) દ્વારા ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી દેશવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ ૪.૦ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ ડિજિટલ ઈન્ડિયા અને ઈઝ ઓફ લિવિંગ મિશન સાથે સંકલિત પેન્શનરોના ડિજિટલ સશક્તિકરણના સરકારના વિઝન હેઠળ એક મુખ્ય પહેલ છે. રાષ્ટ્રીય DLC ઝુંબેશ ૪.૦ દરમિયાન, ટેલિકોમ્યુનિકેશન વિભાગે ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદના પાલડીમાં ટાગોર હોલ ખાતે એક મેગા કેમ્પનું આયોજન કર્યું. પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગના સચિવે વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે, કેમ્પની મુલાકાત લીધી. આ મેગા કેમ્પનો ઉદ્દેશ્ય પેન્શનરોને વિવિધ ડિજિટલ મોડ્સ દ્વારા તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવામાં મદદ કરવાનો છે. UIDAI જરૂરિયાત મુજબ આધાર રેકોર્ડ અપડેટ માટે સહાય પૂરી પાડશે અને કોઈપણ સંબંધિત તકનીકી સમસ્યાઓનું નિરાકરણ કરશે. DLC ઝુંબેશ ૪.૦નો ઉદ્દેશ્ય ૨,૦૦૦થી વધુ શહેરો અને નગરોમાં ૨૦ મિલિયન પેન્શનરો સુધી સંતૃપ્તિ-આધારિત આઉટરીચ અભિગમ દ્વારા પહોંચવાનો છે. આ ઝુંબેશ આધાર-આધારિત ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકે છે, જેનાથી પેન્શનરો બાયોમેટ્રિક ઉપકરણોની જરૂરિયાત વિના સરળતાથી તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરી શકે છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (પોસ્ટ વિભાગ)ની ઘરઆંગણે DLC સેવા દ્વારા ખૂબ જ વરિષ્ઠ અને દિવ્યાંગ પેન્શનરો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત સંબોધન (૨૪ નવેમ્બર, ૨૦૨૪) અને બંધારણ દિવસ સંબોધન (૨૬ નવેમ્બર, ૨૦૨૪)માં, ડિજિટલ ઈન્ડિયા પહેલો જેમ કે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ્સે દેશભરમાં વરિષ્ઠ નાગરિકો માટે પેન્શન પ્રક્રિયાને કેવી રીતે સરળ બનાવી છે તેના પર પ્રકાશ પાડ્યો હતો. આ ઝુંબેશ બેંક્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ટેલિકોમ્યુનિકેશન વિભાગ, UIDAI, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય, NIC અને ગુજરાતના પેન્શનર્સ કલ્યાણ સંગઠનો જેમ કે કેન્દ્રીય નિવિંદ કર્મચારી મંડળ, બરોડા સેન્ટ્રલ પેન્શનર્સ એસોસિએશન અને પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ અને અન્ય કેન્દ્ર સરકારના પેન્શનર્સ એસોસિએશન સહિત તમામ મુખ્ય હિસ્સેદારોને પેન્શનરોના ડિજિટલ સમાવેશ માટે સહયોગથી કામ કરવા માટે એકસાથે લાવે છે. DLC પોર્ટલ વિવિધ એજન્સીઓ દ્વારા DLC જનરેશનનું વાસ્તવિક સમયનું નિરીક્ષણ પૂરું પાડે છે. આ મેગા કેમ્પ દરમિયાન સેક્રેટરી (P&PW) અને કંટ્રોલર જનરલ ઓફ કોમ્યુનિકેશન્સ એકાઉન્ટ્સ પેન્શનરો સાથે ઈન્ટરેક્ટિવ સત્રો યોજવાના છે. અમદાવાદમાં યોજાનાર મેગા કેમ્પમાં વિવિધ વિભાગો અને સંગઠનોના આશરે ૧,૦૦૦ જેટલા પેન્શનરો ઉપસ્થિત રહ્યા. રાષ્ટ્રવ્યાપી DLC ઝુંબેશ ૪.૦ હેઠળ, ગુજરાતના ૮૨ શહેરો અને ૧૦૭ સ્થળોએ શિબિરોનું આયોજન કરવામાં આવશે, જેમાં વિવિધ જિલ્લાઓ અને પેટાવિભાગોને આવરી લેવામાં આવશે. આ શિબિરોમાં કુલ ૧૦૭ નોડલ અધિકારીઓ ભાગ લેશે જેથી તમામ સ્થળોએ સરળ કામગીરી સુનિશ્ચિત કરી શકાય. વિભાગ પેન્શનરોના જીવનને સરળ બનાવવા અને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ જેવી સતત સુધારાઓ અને ટેકનોલોજી-આધારિત પહેલ દ્વારા ડિજિટલ સશક્તિકરણ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# રિપેરેબિલિટી ઈન્ડેક્સ દ્વારા ગ્રાહકોને સશક્ત બનાવવા માટે લોગો ડિઝાઈન સ્પર્ધા શરૂ

કમલમ્,

ગ્રાહક બાબતોના વિભાગે, સ્અર્દ્દ અને નેશનલ લૉ યુનિવર્સિટી, દિલ્હી ખાતે ગ્રાહક કાયદા અધ્યક્ષના સહયોગથી, રિપેરેબિલિટી મિશનમાં વ્યાપક જાહેર ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે "રિપેરેબિલિટી ઈન્ડેક્સ દ્વારા ગ્રાહકોને સશક્ત બનાવવા" થીમ પર લોગો ડિઝાઈન સ્પર્ધા શરૂ કરી છે. આ પહેલનો હેતુ દેશભરના નાગરિકો પાસેથી સર્જનાત્મક વિચારો એકત્રિત કરીને મિશનમાં વ્યાપક જાહેર ભાગીદારીને વધુ વધારવાનો છે. અગાઉ, ગ્રાહક બાબતોના વિભાગે પારદર્શક અને જાણકાર ઉત્પાદન પસંદગીઓને સક્ષમ કરીને ગ્રાહકોને સશક્ત બનાવવા અને ઈ-કચરો ઘટાડવા માટે "રિપેરેબિલિટી ઈન્ડેક્સ ફ્રેમવર્ક દ્વારા સમારકામનો અધિકાર" શરૂ કર્યો હતો. આ માળખું મહત્વપૂર્ણ છે કારણ કે તે ગ્રાહકોને નવા ઉત્પાદનો ખરીદવાને બદલે વાજબી ભાવે તેમના ઉત્પાદનોનું સમારકામ કરાવવાની તક પૂરી પાડશે. આ લોગો નીચેના હેતુઓ પૂરા કરશે:

૧. ઉત્પાદનના રિપેરેબિલિટી ઈન્ડેક્સ રેટિંગને સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરો.

૨. રિપેર કરવાનો અધિકાર અને પરિપત્ર અર્થતંત્રના મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતીક કરવા માટે.

૩. ગ્રાહકો સરળતાથી ઓળખી શકે તેવા પ્રમાણપત્ર ચિહ્ન તરીકે સેવા આપશે.

પ્રસ્તાવિત લોગો દેશના પરિપત્ર અર્થતંત્ર તરફના સંક્રમણનું સાચું પ્રતિબિંબ બનશે અને જવાબદાર વપરાશ અને ગ્રાહક સશક્તિકરણને પ્રોત્સાહન આપશે. સમારકામ સૂચકાંક દ્વારા સમારકામના અધિકારનો પ્રારંભિક તબક્કો મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે: કૃષિ ઉપકરણો, મોબાઈલ ફોન અને ટેબ્લેટ, ગ્રાહક ટકાઉ વસ્તુઓ, ઓટોમોબાઈલ્સ અને ઓટોમોબાઈલ એસેસરીઝ. ગ્રાહક બાબતોના વિભાગે ગ્રાહક અધિકારોને મજબૂત કરવા, ટકાઉ વપરાશને પ્રોત્સાહન આપવા અને પરિપત્ર અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સમારકામ સૂચકાંક હેઠળ બહુ-પક્ષીય વ્યૂહરચના શરૂ કરી છે. આ ગ્રાહકોના નાણાં બચાવશે અને ઉપકરણોના આયુષ્ય, જાળવણી, પુનઃઉપયોગ, અપગ્રેડ, રિસાયક્લિંગ અને કચરા વ્યવસ્થાપનમાં સુધારો કરીને પરિપત્ર અર્થતંત્રના ઉદ્દેશ્યોમાં ફાળો આપશે. તેનો ઉદ્દેશ ગ્રાહકોને તેમની ખરીદીઓ પર સાચી "માલિકી" સાથે સશક્ત બનાવવાનો અને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી ચળવળના ટકાઉ અને જાણકાર ઉપયોગ માટેના આહવાનને અનુરૂપ વેપાર અને સમારકામ ઈકોસિસ્ટમને સુમેળ બનાવવાનો છે. આ ઉદ્દેશ્યોને સાકાર કરવા માટે, "રાઈટ ટુ રિપેર પોર્ટલ ઈન્ડિયા" ૨૪ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. તે ગ્રાહકો, ઉત્પાદકો અને તૃતીય-પક્ષ સમારકામ કરનારાઓ માટે સમારકામ સંબંધિત માહિતી મેળવવા માટે એક એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. એકવાર અમલમાં મૂકાયા પછી, સૂચિબદ્ધ મુખ્ય પરિમાણો પર આધારિત આ માળખું, દરેક પરિમાણ માટે સમારકામની સરળતાના આધારે ઉત્પાદનોનું મૂલ્યાંકન, રેટિંગ અને તુલના કરવા માટે આધાર તરીકે સેવા આપશે. આ પહેલને દૃષ્ટિની રીતે રજૂ કરવા અને જાહેર માન્યતા અને વિશ્વાસ વધારવા માટે, એક વિશિષ્ટ અને પ્રભાવશાળી લોગો વિકસાવવા માટે એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૬ વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ ભારતીય નાગરિકો આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પાત્ર છે, જે ૧ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. સહભાગીઓએ ડિઝાઈન વિચાર અને વિષય સાથે તેની સુસંગતતા સમજાવતો સંક્ષિપ્ત પરિચય પત્ર સાથે મૂળ લોગો ડિઝાઈન સબમિટ કરવી આવશ્યક છે. એન્ટ્રીઓ ૩૦ નવેમ્બર, ૨૦૨૫ (23:45 PM) સુધીમાં સ્અર્દ્દ પોર્ટલ (રિપેરેબિલિટી ઈન્ડેક્સ mygov.in દ્વારા ગ્રાહકોને સશક્ત બનાવવી) દ્વારા નિર્ધારિત ફોર્મેટમાં અપલોડ કરવી આવશ્યક છે. વિજેતા એન્ટ્રીને ૨૫,૦૦૦નું રોકડ ઈનામ મળશે, અને પસંદ કરેલ લોગોને રિપેરેબિલિટી ઈન્ડેક્સ ફ્રેમવર્કના લોગો તરીકે સત્તાવાર રીતે અપનાવવામાં આવી શકે છે. ગ્રાહક બાબતોનો વિભાગ સમગ્ર ભારતમાં સર્જનાત્મક નાગરિકો, ડિઝાઈનરો, વિદ્યાર્થીઓ અને નવીનતાઓને આ રાષ્ટ્રીય પ્રયાસમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો છે જેથી તેઓ જવાબદાર વપરાશ અને ટકાઉ જીવનશૈલી તરફના દેશના પગલાનું પ્રતીકાત્મક રીતે પ્રતિનિધિત્વ કરી શકે. જુલાઈ ૨૦૨૨માં, વિભાગે સમારકામના અધિકાર માટે એક વ્યાપક રાષ્ટ્રીય માળખું વિકસાવવા માટે એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી. રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે, ૨૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ "રાઈટ ટુ રિપેર પોર્ટલ ઈન્ડિયા" શરૂ કરવામાં આવ્યું હતું. હિતધારકોની ભાગીદારીના ભાગ રૂપે, માર્ચ ૨૦૨૪માં, વિભાગે ચાર મુખ્ય ક્ષેત્રો (ઓટોમોબાઈલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ અને કૃષિ સાધનો)ની કંપનીઓને પોર્ટલ પર સમાવવા માટે એક બેઠકનું આયોજન કર્યું. આ બેઠક દરમિયાન, સ્પેરપાર્ટ્સની મર્યાદિત ઉપલબ્ધતા, સમારકામ માર્ગદર્શિકાઓનો અભાવ અને ઉચ્ચ સમારકામ ખર્ચ જેવા મુદ્દાઓ ગ્રાહક સમારકામ અધિકારો માટેના અવરોધો તરીકે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. જુલાઈ ૨૦૨૪માં, ખાસ કરીને ઓટોમોબાઈલ સંગઠનો અને ભાગીદાર કંપનીઓ સાથે, હિસ્સેદારોની બેઠક બોલાવવામાં આવી હતી. તેમાં રિપેર મેન્યુઅલ અને રિપેર-વિડિયો સામગ્રી બધા માટે સુલભ બનાવવાની, તૃતીય-પક્ષ રિપેરર્સને સક્ષમ બનાવવાની અને ઓટોમોટિવ ઉત્પાદનો માટે રિપેર ઈન્ડેક્સ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૪માં, મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં સમારકામના અધિકાર પર એક રાષ્ટ્રીય વર્કશોપ યોજાઈ હતી. આ વર્કશોપનો ઉદ્દેશ્ય ઉત્પાદનની દીર્ઘાયુષ્યને પ્રોત્સાહન આપવા, સમારકામની માહિતીની ઍક્સેસ સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોને તેમના ઉપકરણોને બદલવાને બદલે ફરીથી ઉપયોગ કરવાની ક્ષમતા વધારવા માટે રિપેરેબિલિટી ઈન્ડેક્સના મુખ્ય પરિમાણો પર ઉદ્યોગના હિસ્સેદારો વચ્ચે સર્વસંમતિ બનાવવાનો હતો. ત્યારબાદ, સમિતિએ ૦૩.૦૫.૨૦૨૫ ના રોજ તેનો અહેવાલ રજૂ કર્યો. તેણે રિપેરેબિલિટી ઈન્ડેક્સ (RI) ફ્રેમવર્ક હેઠળ સમાવિષ્ટ પ્રથમ ઉત્પાદન શ્રેણીઓ તરીકે સ્માર્ટફોન અને ટેબ્લેટની ભલામણ કરી. સમિતિએ બેટરી, ડિસ્પ્લે એસેમ્બલી, બેક-કવર એસેમ્બલી, ફ્રન્ટ/રીઅર કેમેરા, ચાર્જિંગ પોર્ટ, મિકેનિકલ બટનો, મુખ્ય માઈક્રોફોન, સ્પીકર, હિન્જ/ફોલ્ડિંગ મિકેનિઝમ અને બાહ્ય ઑડિઓ કનેક્ટર જેવા "પ્રાથમિકતા ઘટકો" ઓળખ્યા. પ્રસ્તાવિત RIનું મૂલ્યાંકન છ મુખ્ય પરિમાણોના આધારે કરવામાં આવશે: ડિસએસેમ્બલીની ઊંડાઈ, સમારકામની માહિતીની ઉપલબ્ધતા, વાજબી સમય મર્યાદામાં સ્પેરપાર્ટ્સની ઉપલબ્ધતા; સોફ્ટવેર અપડેટ્સ; સાધનો અને ફાસ્ટનર્સ (પ્રકાર અને ઉપલબ્ધતા). પ્રસ્તાવિત યોજના હેઠળ, મૂળ ઉપકરણ ઉત્પાદકો (OEMs) પ્રમાણિત સ્કોરિંગ માપદંડના આધારે તેમના RI ને સ્વ-જાહેર કરશે અને વેચાણ બિંદુઓ, ઓનલાઈન પ્લેટફોર્મ અને પેકેજિંગ પર ઊઈ કોડ દ્વારા RI સ્કોર પ્રદર્શિત કરશે. આ ગ્રાહકોને જાણકાર પસંદગીઓ કરવામાં મદદ કરશે.

## આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ને ‘૨૦૨૫ વર્લ્ડ લીડર ફોર પીસ એન્ડ સિક્યોરિટી એવોર્ડ’ થી સન્માનિત કરવામાં આવ્યા



કમલમ્, વડોદરા,

આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઑફ લિવિંગ ફાઉન્ડેશનના સંસ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીને ‘બોસ્ટન ગ્લોબલ ફોરમ’ (BGF) અને 'AI વર્લ્ડ સોસાયટી' (AIWS) દ્વારા ’૨૦૨૫ વર્લ્ડ લીડર ફોર પીસ એન્ડ સિક્યોરિટી એવોર્ડ’ થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ અગાઉ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં, યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદીમિર ઝેલેન્સ્કી, અને યુએનના પૂર્વ સચિવ-જનરલ બાન કી-મૂન જેવા વૈશ્વિક નેતાઓને એનાયત કરવામાં આવ્યો છે. એવોર્ડ પ્રદાન કરતી વખતે BGFના સહ-સ્થાપક અને CEO ન્ગુયેન આન તુઆને જણાવ્યું કે: “ગુરુદેવ પૂર્વના આધ્યાત્મિક જ્ઞાન અને પશ્ચિમની નવીનતાની વચ્ચે સેતુ રચનારા પ્રેરણાત્મક વૈશ્વિક નેતા છે. AIના યુગમાં તેમની માનવતા અને નૈતિક નેતૃત્વ માર્ગદર્શક બની રહ્યું છે.” BGF એ આગળ જણાવ્યું કે ગુરુદેવ દ્વારા કોલંબિયા, ઈરાક, શ્રીલંકા, વેનેઝુએલા અને કાશ્મીર સહિતના સંવેદનશીલ ક્ષેત્રોમાં શાંતિ સ્થાપન માટે મહત્વપૂર્ણ હસ્તક્ષેપ અને મધ્યસ્થતા કરવામાં આવી છે. આ એવોર્ડ વિશ્વના ૧૮૦થી વધુ દેશોમાં શાંતિ સ્થાપના, સંઘર્ષ નિવારણ અને માનવતાવાદી કાર્યો માટે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના લાંબા સમયથી ચાલતા યોગદાન ને માન્યતા આપે છે. એવોર્ડ સ્વીકારતા ગુરુદેવે જણાવ્યું કે, “શાંતિ માત્ર શબ્દો નહીં, પરંતુ કાર્ય દ્વારા સ્થાપિત થવી જોઈએ. સુરક્ષા માટે વિશ્વભરમાં મોટા પ્રમાણમાં પ્રયાસ થાય છે, પરંતુ શાંતિનિર્માણને પૂરતું મહત્વ મળતું નથી. સમાજમાંથી અવિશ્વાસ અને તણાવ દૂર કરવા માટે નૈતિક અને આધ્યાત્મિક શક્તિ અનિવાર્ય છે. આવો, તણાવમુક્ત અને હિંસામુક્ત વિશ્વનું સ્વપ્ન સાકાર કરીએ.” શાંતિ ક્ષેત્રે યોગદાનની સાથે સાથે, ગુરુદેવ વિજ્ઞાન અને આધ્યાત્મના સંગમને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે. લોસ એન્જલસ સ્થિત તેમના ઈન્સ્ટિટ્યૂટ ઓફ એબ્સોલ્યુટ ઈન્ટેલિજન્સમાં ન્યુરોસાયન્ટિસ્ટ, ફિલોસોફર અને AI નિષ્ણાતો જોડાઈ ચેતના અને ટેકનોલોજીના સંશોધન પર કાર્ય કરી રહ્યા છે, જેને માનવ મૂલ્યો આધારિત નૈતિક અને જવાબદાર નવીન શોધની દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસ ગણવામાં આવે છે.

# ભારતીય નૌકાદળની ફ્લેગશિપ ક્વિઝ થિંક ૨૦૨૫ના સેમિફાઈનલ અને ફાઈનલ




કમલમ્,

ઈન્ડિયન નેવલ એકેડેમી (INA), એઝિમાલા, ૦૪ અને ૦૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ થિંક ૨૫ - ધ ઈન્ડિયન નેવી ક્વિઝના સેમિ-ફાઈનલ અને ગ્રાન્ડ ફિનાલેનું આયોજન કરવા માટે તૈયાર છે. આ વર્ષની ક્વિઝની થીમ "મહાસાગર" છે, જે મહાસાગરો સાથે ભારતનું સમયાતીત જોડાણનું પ્રતીક છે અને રાષ્ટ્રના દરિયાઈ વારસા, વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ અને દરિયાઈ ઓળખની ઉજવણી કરે છે, થિંક ૨૫ ભારતીય નૌકાદળની શોધ, શ્રેષ્ઠતા અને યુવાનોમાં દરિયાઈ જાગૃતિને પોષવાની પ્રતિબદ્ધતાની સ્થાયી ભાવનાને પ્રતિબિંબિત કરે છે. દેશભરમાં યોજાયેલા શ્રેણીબદ્ધ પ્રાદેશિક રાઉન્ડ પછી, ૧૬ શાળાઓ (કેમ્બ્રિજ કોર્ટ હાઈ સ્કૂલ - જયપુર, જયશ્રી પેરીવાલ હાઈ સ્કૂલ - જયપુર, સુબોધ પબ્લિક સ્કૂલ - જયપુર, પદ્મ શેષાદ્રી બાલા ભવન સિનિયર સેકન્ડરી સ્કૂલ - ચેન્નાઈ, વિદ્યા મંદિર સિનિયર સેકન્ડરી સ્કૂલ - ચેન્નાઈ, DAV પબ્લિક સ્કૂલ યુનિટ - ૮ - ભુવનેશ્વર, સંતરાગચી કેદારનાથ ઈન્સ્ટિટ્યૂશન - પશ્ચિમ બંગાળ, ભારતીય વિદ્યા ભવન - કક્કુર, કેએલ ઈન્ટરનેશનલ સ્કૂલ - મેરઠ, દીવાન પબ્લિક સ્કૂલ - મેરઠ, સૈનિક સ્કૂલ - કોડાગુ, ડૉ. વીરેન્દ્ર સ્વરૂપ એજ્યુકેશન સેન્ટર - કાનપુર, સેન્ટ એન્થોની સિનિયર સેકન્ડરી સ્કૂલ - ઉદયપુર, પીએમ શ્રી જેએનવી - સમસ્તીપુર, શિક્ષા નિકેતન - ઝારખંડ) ચાર ઝોન - ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમનું પ્રતિનિધિત્વ કરતી સેમિ-ફાઈનલ તબક્કા માટે ક્વોલિફાય થઈ છે. આ ૩૨ સેમિ-ફાઈનલ ખેલાડીઓ પ્રતિષ્ઠિત HINQ 25 ટ્રોફી માટે સ્પર્ધા કરશે, જે અસાધારણ બુદ્ધિ, ટીમવર્ક અને જ્ઞાનનું પ્રદર્શન કરશે. "ચાર્ટિંગ ઈન્ડિયાઝ મેરીટાઈમ માઈન્ડસ્કેપ"ના ઉદ્દેશ્યથી, THINQ 25 વિદ્યાર્થીઓમાં ભારતની દરિયાઈ પરંપરાઓ, સમકાલીન નૌકા શક્તિ અને રાષ્ટ્રના ભાગ્યને આકાર આપવામાં સમુદ્રના મહત્વ વિશે જિજ્ઞાસા અને જાગૃતિ જગાડવાનો પ્રયાસ કરે છે. સેમિ-ફાઈનલ્સ અને ફાઈનલ ભારતીય નૌકાદળના સત્તાવાર YouTube અને Faceboko પેજ પર લાઈવ-સ્ટ્રીમ કરવામાં આવશે, જેનાથી દેશભરના પ્રેક્ષકો કેરળના એઝિમાલા ખાતે સ્થિત ભારતીય નૌકાદળ એકેડેમીમાંથી સ્પર્ધાના ઉત્સાહ અને ભાવનાનો લાઈવ અનુભવ કરી શકશે. THINQ 25 ભારતીય નૌકાદળની એક મુખ્ય પહેલ છે જે યુવા મનને જોડે છે, શિક્ષિત કરે છે અને પ્રેરણા આપે છે - તેમને ભારતના દરિયાઈ ક્ષેત્ર અને રાષ્ટ્રના ભવિષ્યમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાની ઊંડી પ્રશંસા તરફ દોરી જાય છે.

# પત્રકાર એ લોકહિતના રક્ષક છે, જે સામાન્ય નાગરિકની અવાજને સરકાર સુધી પહોંચાડે છે:ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલા

## હિંમતનગર ખાતે ભારત સરકારના પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો, અમદાવાદ દ્વારા રૂરલ મીડિયા વર્કશોપનું સફળ આયોજન કરાયું







કમલમ્,

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો (PIB), અમદાવાદ દ્વારા સાબરકાંઠા જિલ્લાના પત્રકારો માટે એક માહિતીપ્રદ રૂરલ મીડિયા વર્કશોપ – “વાર્તાલાપ” તથા ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન એન્ડ આઉટરીચ પ્રોગ્રામ (ICOP)નું આયોજન હિંમતનગર ખાતે પ્રથમ બેક્વેટ હોલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પત્રકારો સાથે સીધો સંવાદ સાધવાનો, સત્તાવાર માહિતીના પ્રવાહને મજબૂત બનાવવાનો અને માહિતી મેળવવામાં આવતા પડકારોને સમજવાનો હતો. પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરોના સહાયક નિદેશક શ્રીમતિ સુમન મછારે સ્વાગત સંબોધન દ્વારા ઉપસ્થિત મહાનુભાવો અને પત્રકારોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે હાજર ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાએ અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યું હતું કે, “પત્રકારો સમાજના પ્રતિબિંબ છે. તેઓ સમાજના હકારાત્મક અને નકારાત્મક બંને પાસાઓને જનતાની સામે રજૂ કરે છે. વિશ્વસનીય, નિષ્પક્ષ અને સચોટ માહિતીના પ્રસાર દ્વારા લોકશાહીની મૂળભૂત શક્તિ વધુ મજબૂત બને છે. પત્રકારો એ લોકહિતના રક્ષક છે, જે સામાન્ય નાગરિકની અવાજને સરકાર સુધી પહોંચાડે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યરત પત્રકારો સરકાર અને જનતા વચ્ચે એક જીવંત પુલરૂપે કાર્ય કરે છે અને તેમની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે.” જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, “પત્રકારત્વ લોકશાહીની ચોથી જાગીર છે. તે લોકશાહીનું જવાબદાર માધ્યમ છે. મીડિયા દ્વારા પ્રસારિત થતી સાચી અને પ્રામાણિક માહિતીના કારણે નાગરિકોમાં જાગૃતિ વધે છે અને વિકાસલક્ષી યોજનાઓ વધુ અસરકારક બને છે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો ગામડાં સુધી પહોંચાડવામાં પત્રકારોનું યોગદાન અતિમૂલ્યવાન છે. માહિતીની પારદર્શિતા જાળવીને સમાજને સાચા માર્ગે દોરવામાં પત્રકારત્વની ભૂમિકા અવિસ્મરણીય છે.” જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાએ પત્રકારત્વમાં નૈતિકતા અને સ્વ જાગૃતિ પર ભાર મુક્યો. મુખ્ય જિલ્લા પોલીસ અધિકારીશ્રી ડો. પાર્થરાજસિંહ ગોહિલે માહિતીના જવાબદાર અને સંતુલિત પ્રસાર પર ભાર મુક્યો હતો. પીઆઇબી અમદાવાદના એડીજી શ્રી પ્રશાંત પાઠરાબેએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને મીડિયા સાથેના સહયોગ અંગે માહિતી આપી હતી. તેમણે પત્રકારોને અપીલ કરતાં કહ્યું કે;" પત્રકારો ફક્ત વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં જ નહીં પરંતુ આ લોકકલ્યાણની યોજનાઓ અંગે પ્રજાના અભિપ્રાયો અને પ્રતિભાવો સરકાર સુધી પહોંચાડવામાં પણ સહાયરૂપ થાય છે". આ વાર્તાલાપ અંતર્ગત કૃષિ વિશેષજ્ઞ મહમૂદભાઈ ફતેહ દ્વારા ભારત સરકારની કૃષિવિષયક યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર સંજય ચૌધરી દ્વારા ફાઇનાન્સિયલ ઈન્ક્લુઝન વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતમાં પત્રકારો સાથે એક સંવાદ સત્ર પર આયોજિત થયું જેનો મુખ્ય ઉદ્દેશ્ય પત્રકારો સાથે સીધો સંવાદ અને સંપર્ક સાધવાનો, તેમજ સત્તાવાર માહિતી મેળવવામાં તેમને પડતી તકલીફો અને પડકારો સમજવાનો રહ્યો હતો. આ સાથે જ પત્રકારોને લગતી સરકારની વિવિધ યોજનાની પણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનાં ભાગરૂપે કેન્દ્રીય સંચાર બ્યૂરો, પાલનપુર દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ચિત્ર અને ક્વિઝ સ્પર્ધા પણ યોજાઈ હતી, જેમાં વિજેતાઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરોના મીડિયા અને સંચાર અધિકારી ઇન્દ્રવદનસિંહ ઝાલાએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસંગે નાયબ માહિતી નિયામકશ્રી જીગરભાઈ ખૂંટ, PIB સ્ટાફ, માહિતી વિભાગનાં અધિકારીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

